અપીલ અરજી નં.૪૩૪ તા.૮–૩–૧૦

અરજદારઃ– શ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવાર
સામાવાળાઃ– ડે.કમિશ્નર(સ્પે) અને જાહેર માહિ તી અધિકારી (રીક્રુટમેન્ટ)

**ફરીયાદની હકીકતઃ–**

**વિષય :–** આરટીઆઈ એકટ હેઠળ શ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવારની તા.પ–ર–૧૦ ની અરજીથી તા.ર૧–૧૧–૦૯ની બેલદારો અને સફાઈ કામદારોની ખાલી જગ્યાનાં ઈન્ટરવ્યુની ચોકકસ તારીખની માહિતીની નકલ મેળવવા બાબત.

**સંદર્ભ :–** અરજદાર મજકુરની તા.૮–૩–૧૦ ની અપીલ અરજી નં.૪૩૪/ર૦૦૯–૧૦

શ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવારની તા.પ–ર–૧૦ની અરજીથી તા.ર૧–૧૧–૦૯ની બેલદારો અને સફાઈ કામદારોની ખાલી જગ્યાનાં ઈન્ટરવ્યુની ચોકકસ તારીખની માહિતીની નકલ મેળવવા બાબતે ઈ.ચા. પર્સોનલ ઓફિસર (આર.) અને મદદનીશ જાહેર માહિતી અધિકારી ના પત્ર નં.જીએડી/ઈએસટી/આર/૯૯૪ તા.૧૧–ર–૧૦ થી આપેલ માહિતીના મળેલ પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૮–૩–૧૦ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૧૪૬૦ તા.૧૬–૩–૧૦ થી ડે.કમિશ્નર(સ્પે) અને જાહેર માહિ તી અધિકારી (રીક્રુટમેન્ટ)ને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.જીએડી/ઈએસટી/આર/ ૧૧૦પ તા.ર૯–૩–૧૦ થી અત્રેના વિભાગને પૂરક વિગતોમાં નોંધ વિભાગ, સેન્ટ્રલઝોન તરફથી પત્ર નં.સ ે.ઝોન/આરટીઆઈ/જાવક/૧પપ૬ તા.૮–ર–૧૦ થી પર્સોનલ ઓફિસર આરને તબદીલ કર્યા અંગેના પત્રની નકલ , અરજદારની મુળ અરજીની નકલ, અરજદારને અગાઉ પાઠવેલ પત્ર નં.જીએડી/ઈએસટી/આર/૭૯પ તા.૪–૧ર–૦૯ ના પત્રની નકલ, અરજદારને આપેલ માહિતી પત્ર નં.જીએડી/ઈએસટી/આર/૯૯૪ તા.૧૧–ર–૧૦ ના પત્રની નકલ અત્રેના વિભાગને મળેલ છે.

અરજદારની તા.પ–ર–૧૦ની અરજીથી તા.ર૧–૧૧–૦૯ની બેલદારો અને સફાઈ કામદારોની ખાલી જગ્યાનાં ઈન્ટરવ્યુની ચોકકસ તારીખની માહિતીની નકલ બાબતે અરજી કરવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર મીહતી અધિકારી તરફથી પત્ર નં.જીએડી/ઈએસટી/આર/૯૯૪ તા.૧૧–ર–૧૦ થી અરજદારને રેકર્ડ આધારીત માહિતી નીલ છે તેવી માહિતી આપવામાં આવેલ. જેના અનુસંધાને અરજદારેનારાજ થઈ તા.૮–૩–૧૦ ના રોજ અપીલ અરજી કરી નીલ અંગેનો ખુલાસો દર્શાવેલ નથી. તેવું અરજદારે જણાવેલ છે. આરટીઆઈ એકટની કલમ–ર(એફ) અને ર (જે) હેઠળ માહિતી અને માહિતી અધિકાર ની વ્યાખ્યા અન્વયે જાહેર સત્તામંડળ પાસેની અથવા નિયંત્રણ હેઠળની દફતરી ઉપલબ્ધ માહિતી પૂરી પાડવાની જોગવાઈ છે. જે મુજબ જાહેર માહિતી અધિકારીએ માહિતી આપેલ છે . અરજદારની ખુલાસા બાબતની રજૂઆત આરટીઆઈ એકટ સાથે સુસંગત નથી. વધુમાં જાહેર માહિતી અધિકારી તરફથી આપેલ પૂરક વિગતોમાં બેલદારના ઈન્ટરવ્યુ અંગેની કામગીરી અધિકારીઓના વિચાર વિર્મશ હેઠળની પ્રક્રિયા હોય જે હાલના તબકકે અરજદારને જવાબ પાઠવી શકાય તેમ ન હોય તે બાબત ધ્યાને લેવા જણાવવામાં આવેલ છે. અરજદારે અપીલ અરજીમાં આરટીઆઈ એકટની કલમ–૮(૧) (ટ) ધ્વારા નિર્ણય હેઠળની માહિતી નિર્ણય લેવાય નહીં ત્યા સુધી મુકિત હેઠળ આવે છે જેથી પૂરક વિગતોમાં જાહેર માહિતી અધિકારીએ જણાવલ નિર્ણય બહાલ રાખવામાં આવે છે.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારે તા.પ–ર–૧૦ ની અરજીથી માંગેલ માહિતી અંગે જાહેર માહિતી અધિકારીએ પૂરક વિગતોમાં જણાવેલ નિર્ણય બહાલ રાખવામાં આવે છે તથા તે અંગેની જાણ અરજદારને કરવા ડે.કમિશ્નર(સ્પે.)અને જાહેર માહિતી અધિકારી (રીક્રુટમેન્ટ), જણાવવામાં આવે છે.

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૪ –૧૦

ડે.કમિશ્નર(જનરલ),
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

પ્રતિ,
(૧) ડે.કમિશ્નર(સ્પે.)અને જાહેર માહિતી અધિકારી (રીક્રુટમેન્ટ), ...જાણ તથા અમલ માટે
(ર) શ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવાર